# કામના સ્થળે સ્ત્રીઓ પરની જાતીય સતામણી રોકવા માટેનો કાયદો

## કામના સ્થળે સ્ત્રીઓ પર થતી જાતીય સતામણી રોકવાની જવાબદારી સરકાર અને માલિક બંનેની છે.





### જાતીય સતામણીમાં શેનો સમાવેશ થાય છે ?

સ્ત્રીઓની ઈચ્છા વિરુદ્ધના આવા વર્તનનો સમાવેશ જાતીય સતામણીમાં થાય છે :

- સ્પર્શ કરવો કે તેમ કરવાની કોશિશ કરવી.
- જાતીય સંબંધ બાંધવાની માંગ કરવી કે તેવી અપેક્ષા રાખવી.
- જાતીયતા વ્યક્ત કરતા શબ્દો ઉચ્ચારવા કે વ્યવહાર કરવો.
- જાતીયતા વ્યક્ત કરતાં ચિત્રો, ફિલ્મો બતાવવાં.

આ તમામ પ્રકારનું વર્તન સ્ત્રીઓ માટે કામના સ્થળે ભયજનક વાતાવરણ ઊભું કરે છે. ક્યારેક તે કામના સ્થળે સ્ત્રીઓની તરક્કી કે નુકસાનનું કારણ બને છે.

### કાયદામાં સમાવેલ કામનાં સ્થળો :

નીચે જણાવેલ કામનાં સ્થળોમાં કામ દરમ્યાન કે કામના સંદર્ભમાં કોઈ પણ જગ્યાએ, કોઈપણ સમયે જાતીય સતામણી થાય તો તેની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે.

**સંગઠિત ક્ષેત્ર** : ખાનગી, સરકારી ઓફિસ, બિન સરકારી સંગઠન, હોસ્પિટલ, શાળા-કોલેજ, રમત-ગમતનું સંકુલ, હરીફાઈનું સ્થળ, વગેરે.

**અસંગઠિત ક્ષેત્ર** : ઘર નોકર, ઈંટ ભઠ્ઠા, બાંધકામ, છૂટક મજૂરી, મનરેગાના કામની જગ્યા, લારી-ગલ્લા-પથારા-દુકાનો પર કામ કરતી સ્ત્રીઓ વગેરે.





### સંગઠિત ક્ષેત્રમાં માલિકની જવાબદારી

- જાતીય સતામણીની ફરિયાદ સાંભળવા આંતરિક ફરિયાદ સમિતિની રચના કરવી
- આંતરિક ફરિયાદ સમિતિની ભલામણને આધારે ગુનેગાર સામે પગલાં ભરવો.
- કામના સ્થળે કામદાર-કર્મચારીઓને જાતીય સતામણી રોકવા જાગૃત કરવા.

### અસંગઠિત ક્ષેત્ર અને જ્યાં ૧૦ કરતાં ઓછી વ્યક્તિ કામ કરતી હોય તેવા કાર્યસ્થળ માટે

### સરકાર દ્વારા નીમેલા જિલ્લા અધિકારીની જવાબદારીઓ :

- સ્થાનિક ફરિયાદ સમિતિની રચના કરવી.
- શહેરી વિસ્તારમાં દરેક વોર્ડ, નગર પાલિકા અને ગ્રામીણ વિસ્તારમાં જિલ્લાના દરેક તાલુકામાં નોડલ અધિકારીની નિમણૂક કરવી કે જે જાતીય સતામણીની ફરિયાદો નોંધશે.
- સમિતિની ભલામણોને આધારે ગુનેગાર પર પગલાં ભરવાં.
- કાયદામાં જણાવેલ સ્ત્રીઓના અધિકારો અંગે વિસ્તારમાં જાગૃતિ ફેલાવવી.



sahiyar

Sahiyar (Stree Sangathan)

PLD

Partners For Law In Development

Www.pldindia.org



કામના સ્થળે જાતીય સતામણી :
માન્યતાઓ અને હકીકતો
મામૂલી છેડતીથી સ્ત્રીઓને કોઈ તકલીફ નથી થતી. તેને જાતીય સતામણી ના કહેવી જોઈએ.
સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ કોઈ પણ છેડતી જાતીય સતામણી છે. તેનાથી કાર્યસ્થળનું વાતાવરણ ભયપૂર્ણ બની શકે છે.
પોતાના હાવ ભાવ અને કપડાંથી પુરૂષોને આકર્ષિત કરનાર સ્ત્રીઓની જાતીય સતામણી થાય છે.
જાતીય સતામણી કોઈ પણ સ્ત્રીની થઈ શકે છે. તેમાં તેની ઉંમર, હાવભાવ કે કાપડની કોઈ ભૂમિકા નથી. 'સ્ત્રીને માત્ર જાતીય સાધન તરીકે જોવી' તે જાતીય સતામણીનું કારણ છે. તેનાથી સ્ત્રીના શ્રમનું મૂલ્ય ઘટે છે અને તેના અધિકારો છીનવાય છે.
સ્ત્રીએ છેડતી પર ધ્યાન આપવું ન જોઈએ. તેનાથી છેડતી ધીરે ધીરે બંધ થઈ જશે.
સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ કોઈ પણ પ્રકારની નાની કે મોટી જાતીય વર્તણૂક ખોટી છે. તે અંગે ચૂપ રહેવાથી જાતીય સતામણી બંધ નથી થતી. ઊલટાનું તેની સહમતિ છે તેમ માની સતામણીમાં વધારો થાય છે. તેથી શરૂઆતથી તેનો વિરોધ કરવો જોઈએ અને જો બંધ ન થાય તો તેની ફરિયાદ કરવી જોઈએ.
માણસના દોસ્તી કરવાના, પ્રેમ વ્યક્ત કરવાની કોશિશ કરવાના કે જાતીયતા વ્યક્ત કરવાના અધિકારને કાયદો રોકી નથી શકતો.
કાયદો એવા સંબંધોમાં રોકથામ નથી કરતો જે સ્ત્રીની સહમતિથી કરવામાં આવ્યા હોય. એવી સતામણી જે સ્ત્રીને પસંદ ન હોય, તેને પરેશાન કરે કે તેના પર દોસ્તી કરવાનું દબાણ કરે તે ખોટી છે અને કાનૂની અપરાધ છે.
સ્ત્રીઓ બદલાની ભાવનાથી સતામણીની ખોટી ફરિયાદ કરે છે.
આ માન્યતા પાયા વગરની છે. કારણ કે આપણી પાસે એવા કોઈ આંકડા નથી.મોટાભાગની સ્ત્રીઓ નોકરી ખોવાના અને બદનામ થવાના ડરથી ફરિયાદ જ નથી કરતી. થયેલી ફરિયાદોમાં ખૂબ જ થોડી ફરિયાદો ખોટી જોવા મળી છે.
sahiyar
Sahiyar (Stree Sangathan)
PLD
Partners For Law In Development
Www.pldindia.org